# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 02-09-2024** **Morning : 7.10 to 7.20**
**Day: MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર નીકિતા શાહ વાંચે છે.

---

- વરસાદના કારણે ક્ષતિગ્રસ્ત થયેલા રાજ્યભરના માર્ગોનું સમારકામ શરૂ- 3 હજાર 610 કિલોમીટરના રસ્તાને નુકસાન પહોંચ્યું હોવાના અહેવાલ
- રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના હસ્તે રાજ્યના 28 જેટલા ખ્યાતનામ કલાસાધકોને માનપત્ર એનાયત કરાયા
- હવામાન વિભાગે આજે મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદનું યલો એલર્ટ જાહેર કર્યું
- પવિત્ર શ્રાવણ માસનો આજે છેલ્લો સોમવાર – શિવાલયોમાં ભક્તોની ભીડ
- પેરિસ પેરાલિમ્પકસ રમતમાં રાજ્યનાં ભાવિના પટેલ ટેબલ ટેનિસની ક્વાર્ટર ફાઇનલમાં પહોંચ્યાં.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

## ROAD REPAIRING WORK IN STATE

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં ભારે વરસાદને કારણે ક્ષતિગ્રસ્ત થયેલા તમામ માર્ગનું સમારકામ કરી વાહનવ્યવહાર પૂર્વવત્ કરવા માર્ગ અને મકાન વિભાગને નિર્દેશ આપ્યા છે.

માર્ગ અને મકાન વિભાગે પણ જિલ્લાના મુખ્ય માર્ગોનું સમારકામ સાતમી સપ્ટેમ્બર અને ગ્રામ્ય માર્ગોનું સમારકામ 15મી સપ્ટેમ્બર સુધી પૂર્ણ કરવા સૂચના આપી છે. પહેલી સપ્ટેમ્બર સુધીમાં 3 હજાર 610 કિલોમીટરના રસ્તાને નુકસાન પહોંચ્યું હોવાના અહેવાલ છે.

ક્ષેત્રીય કક્ષાએ વિભાગે 731 JCB મશીન, 699 ડમ્પર, 65 રોલર સહિતના વાહનો પૂરા પાડ્યા છે. જ્યારે સમારકામની કામગીરીમાં 6 હજાર 487 જેટલા શ્રમિક સાથે કુલ 466 ટુકડી કાર્યરત્ છે. રાષ્ટ્રીય ધોરીમાર્ગ સત્તામંડળ હસ્તકના વડોદરા-વાપી, રાજકોટ-જેતપુર, ચિલોરા-હિંમતનગર તથા અન્ય રસ્તાઓના સમારકામની કામગીરી પણ હાલ ચાલી રહી છે.

રાજકોટ જિલ્લામાં ભારે વરસાદના કારણે નુકસાનગ્રસ્ત 35 જેટલા રસ્તા પર યુદ્ધના ધોરણે સમારકામ શરૂ કરાયું છે.

તો કચ્છમાં 25 જેટલા ભારે નુકસાનગ્રસ્ત માર્ગમાંથી 17 રસ્તાઓ પર સમારકામ કામગીરી અને પંચાયત હસ્તકના અન્ય 28 રસ્તાઓને પૂર્વવત્ કરવા કામગીરી રહી છે.

મોરબીના અમારા પ્રતિનિધિ રવિ મોટવાણી જણાવે છે કે, મોરબી-લીલાપર વચ્ચેનો પુલ ધરાશાયી થતાં વાહન વ્યવહાર ઠપ થયો છે. હવે આગામી દિવસોમાં અહીં નવો પુલ બનાવાશે.

--------------------------------------------------------------------

-(પીટીસી – ગાંધીનગર રાજકોટ, મોરબી, કચ્છ - દુર્ગેશ મેહતા– પ્રવેશ, નીકીતા) - (NAVIN)

## CENTRAL TEAM- GUJ. FLOOD

ગૃહ મંત્રાલયે રાજ્યમાં વરસાદ અને પૂરને કારણે થયેલા નુકસાનનું મૂલ્યાંકન કરવા એક સમિતિની રચના કરી છે. નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાસ્ટર મેનેજમેન્ટના કાર્યકારી નિદેશકની આગેવાની હેઠળ એક ઇન્ટર- મિનિસ્ટ્રીયલ સેન્ટ્રલ ટીમની રચના કરાઇ છે. આ સમિતિ ટૂંક સમયમાં જ રાજ્યનાં પૂરગ્રસ્ત જિલ્લાઓની મુલાકાત લેશે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે લીધેલા નિર્ણય અનુસાર ગૃહમંત્રાલયે IMCTની રચના કરી છે, જેણે પૂર અને ભૂસ્ખલનગ્રસ્ત રાજ્યોની મુલાકાત લીધી હતી.

---------------------------------------------------------------------

-રીપીટ

## POSHAN MAS

રાજ્ય સહિત દેશભરમાં રાષ્ટ્રીય પોષણ માસનો પ્રારંભ થયો છે. મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા ગઈકાલથી 30 સપ્ટેમ્બર સુધી સાતમા "રાષ્ટ્રીય પોષણ માસ"ની ઉજવણી શરૂ થઇ છે.

આ વર્ષે ઉજવણીનો ઉદેશ દેશમાં કુપોષણને નાબૂદ કરવાનો છે અને ગર્ભવતી મહિલાઓ, સ્તનપાન કરાવતી માતાઓ, કિશોરીઓ તેમજ 6 વર્ષ સુધીના બાળકો માટે પોષણના મહત્વને સમજાવવાનો છે. આ વર્ષે રાષ્ટ્રીય પોષણ માસની વિષય-વસ્તુ "તમામ માટે પૌષ્ટીક આહાર" છે. આ અભિયાનમાં આંગણવાડીને સક્ષમ બનાવવાનું લક્ષ્ય પણ રાખવામાં આવ્યું છે.

---------------------------------------------------------------------

-રીપીટ

## ACHARYA DEVVRAT

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે કહ્યું કે, કલાકારો અને સાહિત્યકારો વિશેષ ગુણો અને સંસ્કારોથી સમાજને અને દેશને વૈચારિક રીતે સમૃદ્ધ કરે છે. સાહિત્ય, સંગીત અને કળા માત્ર મનોરંજનનું માધ્યમ નથી. મનુષ્યમાં સુસંસ્કારોનું સિંચન કરીને આત્માને આધ્યાત્મ તરફ લઈ જાય છે. સંસ્કાર ભારતી ગુજરાત પ્રાન્ત દ્વારા યોજાયેલા સંસ્કારોત્સવ સમારોહમાં ઉપસ્થિત રાજ્યપાલે આ મુજબ જણાવ્યું હતું.

દરમિયાન સંસ્કાર ભારતી ગુજરાત પ્રાન્ત દ્વારા વિવિધ ક્ષેત્રના વરિષ્ઠ કલાકારોનું 'સંસ્કાર વિભૂષણ' પુરસ્કારથી સન્માન કરાયું હતું. રાજ્યપાલના હસ્તે રાજ્યના 28 જેટલા ખ્યાતનામ કલાસાધકોને માનપત્ર એનાયત કરાયા હતા.

---------------------------------------------------------------------

-(માહિતી ખાતા – પ્રવેશ)

-(NAVIN)

## WEATHER

રાજ્યમાં આગામી પાંચ દિવસ દરમિયાન ભારે વરસાદ વરસે તેવી હવામાન વિભાગે આગાહી કરી છે.. વિભાગે મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં આજે ભારે વરસાદનું યલો એલર્ટ જાહેર કર્યું છે. આ ઉપરાંત આવતીકાલે દક્ષિણ ગુજરાતના જિલ્લોમાં અતિભારે વરસાદની શક્યતા જાહેર કરીને ઓરેન્જ એલર્ટ જાહેર કરાયું હોવાની માહિતી હવામાન વિભાગના વૈજ્ઞાનિક અભિમન્યુ ચૌહાણે આપી હતી..

બીજી તરફ પોરબંદરના દરિયા કિનારે હવે 2 નંબરનું સિગ્નલ મુકવામાં આવ્યું છે.

દરમિયાન રાજ્યભરમાં તાપમાનમાં વધારો થથા ગરમીનું પ્રમાણ વધ્યું છે. સૌથી વધુ 34 ડિગ્રી મહત્તમ તાપમાન અમદાવાદ અને સુરેન્દ્રનગરમાં નોંધાયું છે. આ ઉપરાંત, સુરત, વડોદરા સહિત 10 શહેરોમાં મહત્તમ તાપમાન 33 ડિગ્રીને પાર પહોચ્યું છે.

-----------------------------------------------------------------------

-IMD, નિકીતા, રીપીટ

**Khatmurhoot**

ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીએ બનાસકાંઠા જિલ્લાના, થરાદ ખાતે નગરપાલિકાના 3 કરોડ 17 લાખ રૂપિયાના વિકાસકામોનું ખાતમુહૂર્ત કર્યું હતું. આ પ્રસંગે પૂર્વ સાંસદ પરબત પટેલ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે શ્રી ચૌધરીએ થરાદના સર્વાંગી વિકાસ માટે સૌને સાથે મળી કામ કરવા આહ્વાન કર્યું હતું.

-----------------------------------------------------------------------

-પીટીસી, બનાસકાંઠા, નિકીતા-(NAVIN)

**MID BREAK- NEWS-REGIONAL**

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

.......................................

**SHRAVAN MONDAY**

જપ, તપ, ઉત્સવના ત્રિવેણી સંગમ સમા પવિત્ર શ્રાવણ માસ પૂર્ણાહૂતિ તરફ છે ત્યારે આજે શ્રાવણ માસના છેલ્લાં સોમવાર સાથે સોમવતી અમાસનો સંયોગ રચાયો છે. સોમવતી અમાસના વિશેષ મહાત્મ્યને કારણે આજે વહેલી સવારથી જ શિવાલયોમાં ભક્તોનો પ્રવાહ ઉમટી રહ્યો છે. રાજ્યભરના શિવમંદિરોમાં આજે વિશેષ કાર્યક્રમોનું આયોજન કરાયું છે.

અમદાવાદના ચાર શિવાલયોમાં ભસ્મ આરતીનું આયોજન કરાયું તો પાલડી અને રખિયાલ ખાતેના મહાદેવ મંદિરે બરફનું શિવલિંગ બનાવાશે. અસારવા ખાતે આજે શ્રાવણી અમાસનો લોકમેળો યોજાશે.

---

- નીકિતા, ન્યુઝ પેપર દુર્ગેશ

**DWARKA LOKMELA TAIYARI**

દેવભૂમિદ્વારકા જિલ્લાના મુખ્યમથક ખંભાળિયા ખાતે શક્તિનગર ગ્રામ પંચાયત દ્વારા આગામી છથી નવ સપ્ટેમ્બર દરમિયાન લોકમેળાનું આયોજન કરાશે. શિરેશ્વર મહાદેવ મંદિરના પટાંગણમાં વર્ષોથી યોજાતા આ લોક મેળામાં દ્વારકા સહિત જામનગર અને પોરબંદર જિલ્લાના લોકો પણ મોટી સંખ્યામાં આવતા હોય છે.

આ લોકમેળા માટે તાલુકા વિકાસ અધિકારીના અધ્યક્ષ સ્થાને રાઈડ્સ, રમકડાં તેમ જ ખાણીપીણીના સ્ટૉલ માટેના પ્લોટની જાહેર હરાજી યોજવામાં આવી હતી, જેમાં ૪૦ લાખ રૂપિયાથી વધુની રકમ આ પ્લોટની ફાળવણીમાં પંચાયતને પ્રાપ્ત થઈ હતી

----------------------------------------------------------------

-(NDMS – PRAVESH)

-(NAVIN)

## AMBAJI BHADARVI PUNAM

શક્તિપીઠ અંબાજી ખાતેના ભાદરવી પૂનમના મેળામાં લાખો શ્રદ્ધાળુઓ અને પદયાત્રીઓ દર્શનાર્થે આવતા હોય છે.. આ વખતે 12 સપ્ટેમ્બરથી શરૂ થતાં મેળામાં આવતાં તમામ યાત્રિકોને અકસ્માત માટે વીમા કવચ પૂરૂ પાડવામાં આવ્યું છે. આ અંગે અધિક કલેક્ટર કૌશિક મોદીએ માહિતી આપી હતી.

**(બાઇટ-કૌશિક મોદી- અધિક કલેક્ટર મંદિર- અંબાજી)**

---------------------------------------------------------------------

- ડીડી એનડીએમએસ--હર્ષલ પંડ્યા-ચશ્રી

-(NAVIN)

## PARALYMPICS

પેરિસ પેરાલિમ્પકમાં રાજ્યનાં ભાવિના પટેલ, પેરા ટેબલ ટેનિસની ક્વાર્ટર ફાઈનલમાં પહોંચ્યાં છે. ભાવિનાએ WS-4 સ્પર્ધામાં મેક્સિકોના માર્થા વર્ડિનને 3 – 0 થી હરાવી આ સિદ્ધિ હાંસલ કરી છે.

પેરાલિમ્પિક્સના ચોથા દિવસે પણ ભારતીય રમતવીરોએ ઉત્કૃષ્ઠ પ્રદર્શન યથાવત્ રાખ્યું હતું. ભારતે અત્યાર સુધીમાં એક સુવર્ણ, બે રજત અને ચાર કાંસ્ય સહિત કુલ સાત ચંદ્રક પોતાના નામે કર્યા છે.

---------------------------------------------------------------------

-પુલ નિકીતા -(NAVIN)

**FOOTBALL**

પાટણ ખાતે 13મી વેસ્ટ ઝોન ફૂટબોલ સ્પર્ધાનો પ્રારંભ થયો છે, જેમાં દિવ, દમણ, ગોવા સહિત રાજ્યની 67 ટીમ ભાગ લઈ રહી છે. 1 હજાર 200થી વધુ ખેલાડી આ સ્પર્ધામાં રમશે. ચાર દિવસ યોજાનારી આ સ્પર્ધાની ફાઈનલ ચોથી સપ્ટેમ્બરે રમાશે. ફાઈનલમાં વિજેતા ટીમ નેશનલ રમવા જશે.

સ્પર્ધાનો પ્રારંભ કરાવતા હેમચંદ્રાચાર્ય યુનિવર્સિટીના કુલપતિ ડો. કે.સી. પોરીયાએ રમતગમતના મહત્વ અંગે બોલતા ફિટનેસની અનિવાર્યતા અંગે વાત કરી હતી.

---------------------------------------------------------------------

-પીટીસી, પાટણ, નિકીતા -(NAVIN)

**BADMINTON**

લાગોસ ઇન્ટરનેશનલ ચેલેન્જ બેડમિન્ટન સ્પર્ધામાં રાજ્યનાં શ્રેયા લેલેએ સુવર્ણ ચંદ્રક જીત્યો છે. નાઇજીરીયામાં યોજાયેલી આ સ્પર્ધામાં શ્રેયાએ ફાઈનલમાં કાવિપ્રિયા સેલ્વમને 21-1, 21-16થી હરાવી સુવર્ણ ચંદ્રક પોતાના નામે કર્યો છે. ઉલ્લેખનીય છે કે, શ્રેયાનો આ પ્રથમ આંતરરાષ્ટ્રીય ખિતાબ છે.

---------------------------------------------------------------------

-ન્યુઝ પેપર, નીકિતા - દુર્ગેશ

## NFSU SEMINAR

વર્લ્ડ સોસાયટી ઓફ વિક્ટિમોલોજી પર 18મું આંતરરાષ્ટ્રીય સિમ્પોઝિયમ નેશનલ ફોરેન્સિક સાયન્સ ખાતે યોજાયું, જેમાં સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશ જીતેન્દ્ર કુમાર મહેશ્વરી, મોંગોલિયાના રાજદૂત તેમજ વર્લ્ડ સોસાયટી ઓફ વિક્ટિમોલોજીના પ્રમુખ ઉપસ્થિત રહ્યા હતા.. વિક્ટિમોલોજી એ પીડિતો પર ગુનાની મનોવૈજ્ઞાનિક અસરોની તપાસ અને પીડિતો અને અપરાધીઓ, ન્યાય પ્રણાલી અને સુધારણા અધિકારીઓ વચ્ચેના સંબંધોનો અભ્યાસ છે...

યુએસએ, કેનેડા, દક્ષિણ આફ્રિકા, ઓસ્ટ્રેલિયા, સ્પેન, તાઇવાન, જર્મની અને મોંગોલિયાના વ્યવસાયિકો અને પ્રેક્ટિશનરો પણ ઉપસ્થિત રહ્યા હતા.

---

- પીટીસી-ગાંધીનગર-હર્ષલ પંડ્યા-યશ્વી